## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




યજમાન, તમારે યાત્રાનાં તો યોગ ચોક્કસ છે... હવે અત્યારનાં સંજોગોમાં આ યાત્રા એમ્બ્યુલન્સની જ હોય...!!

# સીટી સ્કેન માટે કોરોનાના દર્દીઓ ફરી કતારમાં

ગાંધીનગર, તા.૧૭

કોરોનાના દર્દીઓની મુશ્કેલીઓનો અંત આવતો દેખાતો નથી ટેસ્ટ, દવાઓ અને ઈન્જેકશનો લેવા માટેની લાંબી કતારો હજુ ઓછી થઈ નથી ત્યાં સીટી સ્કેન માટે કોરોનાના દ્રદીઓને લાંબી લાંબી કતારોમાં ઉભા રહેવું પડે છે. ૨૪-૨૪ કલાકે નંબર આવે તેટલી લાંબી કતારો જોવા મળી રહી છે.

કોરોનાનો વિકરાળ પંજો વધુને વધુ ફેલાતો જ જાય છે માર્ચ મહિનાથી વધી રહેલા કેસો ઘટવાનું નામ નથી લઈ રહ્યાં. આખી આખી સોસાયટીઓ આખે આખા પરિવારો સંક્રમિત બન્યા છે. હોસ્પિટલોમાં ક્યાંય જગ્યા નથી. દર્દીઓને નાછુટકે, મજબુરીમાં ઘરે રહીને સારવાર કરાવવી પડી રહી છે.

વધુ સંક્રમિત હોય તેવા દર્દીઓને ખૂબ જ તકલીફો ભોગવવી પડી રહી છે. દવાઓ અને ઈન્જેકશનો લેવા માટે દર્દીઓના સગાઓને ઠેર-ઠેર ભટકવું પડી રહ્યું છે. આ ઉપરાંત છાતીમાં સંક્રમણ કેટલું છે તે જાણવા માટે સીટી સ્કેન રીપોર્ટ કરાવવા પડે છે ગાંધીનગરમાં આઠેક સ્થળોએ સીટીસ્કેન કરવામાં આવે છે આ તમામ સ્થળોએ લાંબી કતારો જોવા મળી રહી છે. સેક્ટર-૬માં કદંમ સીટી સ્કેનમાં સૌથી વધુ ભીડ જોવા મળી રહી છે. દર્દીઓની વધુ ભીડના પગલે દર્દીઓને ટોકન આપવામાં આવે છે ૨૪-૨૪ કલાક તેમાં વારો આવે છે ઉંમરવાળા અને કો-મોર્બીક હોય તેવા દર્દીઓને છાતીના સીટી સ્કેનની જરૂરીયાત રહે છે.




ગાંધીનગરમાં મોટાભાગના ફીઝીશીયનોને ત્યાં કોરોનાના દર્દીઓની ભીડ જોવા મળે છે. કોરોના મટ્યાં પછી પણ ઘણા કોમ્પ્લીકેશન્સ રહેતાં હોવાથી ફીઝીશીયનોને ત્યાં આવા દર્દીઓની પણ સંખ્યા વધુ જોવા મળે છે.

## ખૂણેખાંચરેથી

● એલ.ડી.આર.પી. કોલેજમાં ફરજો બજાવતા અને વિદ્યાર્થીઓના પ્રિય અધ્યાપક જે.ડી. રાઓલનું દુઃખદ અવસાન થયુ છે.

● ગાંધીનગર સમાચારના કોમ્પ્યુટર વિભાગમાં ફરજો બજાવતા ઈન્દ્રસિંહ બિહોલાના પિતાશ્રી રતનસિંહ બિહોલાનું દુઃખદ અવસાન થયુ છે.

● કુંભમાંથી પરત અમદાવાદ આવેલા ૨૦૦ યાત્રીઓના કરાયેલા ટેસ્ટમાંથી ૨૩ પોઝીટીવ દર્દી કોરોનાના મળી આવ્યા છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સરકારે ૩૫ વેન્ટીલેટર ફાળવ્યા પણ તંત્રએ માત્ર ૧૦ રાખી બાકીના અમદાવાદ મોકલવાના નિર્ણયને લઈ તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. આજે નગરમાં આ વાત ચર્ચાનો મુદ્દો બની ઉભરી હતી.

● શહેરમાં આજે રજાનો માહોલ હોવાથી લોકોએ સ્વૈચ્છીક લોકડાઉન પાળી ઘરમાં જ દિવસ ગુજાર્યો હતો.

● સે. ૨૨ના અગ્રણી વેપારી જતીનભાઈ શાહનું આજે અવસાન થતાં વેપારીઆલમમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

● કોરોના વેક્સીનેશન સપ્તાહની ઉજવણી દરમ્યાન જિલ્લામાં વેક્સીનેશનના કાર્યક્રમમાં ઘટાડો નોંધાયો છે.

# એક મેજીકલ પોટલીથી કોરોનામાં શરદીમાં રાહત

ગાંધીનગર, તા. ૧૭

કોરોનાના આ કપરા કાળમાં અને ખાસ તો ફેઝ-૨ એટલે કે ડિફ્રન્ટ સ્ટ્રેઈનના કોરોનાને કારણે આજે અનેક દર્દીઓને ઓક્સિજનની કમી થઈ રહી છે અને ઓક્સિજનની બોટલ કે સિલિન્ડર ખરીદવા માટે પડાપડી થઈ રહી છે. નાના બાળકો અને વૃદ્ધો આ સેકન્ડ કેસમાં સૌથી વધુ પ્રમાણમાં કોરોના ઈન્ફેકેટેડ થયા છે. ત્યારે જો ઓક્સિજન બોડીને ન મળતુ હોય અને કફ શરીરમાં ભરાઈ રહેતો હોય ત્યારે ઘરગથ્થુ ઉપચાર પણ હાલ અક્સીર ઈલાજ મનાઈ રહ્યો છે. અને એ છે મેજીકલ પોટલી. નાના બાળકોને જો કફ કે શરદી થાય તો ગળામાં અજમો બાંધી દેતા. પોટલી બાંધી ગળામાં પહેરાવી દેતા તેમજ આ મેજીકલ પોટલીનું પણ કાંઈક એવુ જ છે.

શરીરમાં ઓક્સિજનનું પ્રમાણ જળવાઈ રહે અને શ્વાસ ન ચડે ઉપરાંત શરદીમાં રાહત મળે તે માટે સફેદ સુતરાઉ કાપડ કે રૂમાલમાં એક કપૂર ગોળી, અજમો અને લવીંગને ભુકો કરી પોટલી બાંધીને દર ૩૦ મિનિટથી ૬૦ મિનિટના અંતરે ઊંડો શ્વાસ લઈ સુંઘવામાં આવે તો મેજીકલી ઓક્સીજન લેવલ પ્રમાણમાં લાવી શકાય છે. અને શરદીથી પણ જલ્દી છૂટકારો મેળવી શકાય છે તેવુ પ્રયોગાત્મક રીતે સિદ્ધ થયુ છે. સોશિયલ મીડિયા દ્વારા કે સમાચાર પત્રના માધ્યમ દ્વારા આ સંદેશ સર્વે સુધી પહોંચે તે ગાંધીનગર સમચાર દ્વારા શહેરીજનોને અપીલ કરવામાં આવે છે.

### મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો મહત્વનો નિર્ણય

# કુંભના મેળામાં ગયેલા ગુજરાતના તમામ શ્રધ્ધાળુઓને પરત આવતા તેમના ગામમાં સીધો પ્રવેશ અપાશે નહી

### તમામ લોકોના આરટીપીસીઆર ટેસ્ટ કરાશે : સંક્રમિત જણાયેલ લોકોને ૧૪ દિવસ આઈઓલેશનમાં રાખવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે રાજયમા કોરોનાનું સંક્રમણ અટકે અને ઓછા લોકો સંક્રમિત થાય તે માટે સમગ્ર વહીવટીતંત્ર અસરકારક કામગીરી કરી રહ્યુ છે ત્યારે હાલ ચાલી રહેલા કુંભના મેળામાં ગયેલા ગુજરાતના તમામ શ્રધ્ધાળુઓ જ્યારે પરત ગુજરાત આવે ત્યારે તેમને તેમના ગામમાં સીધો પ્રવેશ અપાશે નહીં

મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં સ્પષ્ટ પણે કહ્યું કે કુંભના મેળામા ગયેલા શ્રદ્ધાળુઓ જયારે ગુજરાત પરત ફરશે ત્યારે તે તમામ લોકોના આરટીપીસીઆ ટેસ્ટ કરવામાં આવશે અને ટેસ્ટીગ દરમિયાન કોઈ યાત્રિક સંક્રમિત હશે તો તેમને ૧૪ દિવસ સુધી આઈસોલેશનમાં રાખીને અલગ કરવામાં આવશે.

મુખ્યમંત્રીએ એમ પણ જણાવ્યું કે આવા યાત્રિકો સુપર સ્પ્રેડર ન બને તેની પણ તકેદારી સરકાર દ્વારા રાખવામાં આવી છે અને આ હેતુસર રાજયના તમામ જિલ્લા કલેકટરોને આદેશ કરી દેવામાં આવ્યા છે કે તેમના જિલ્લાના આવા કોઈ વ્યક્તિ કે યાત્રી કુંભના મેળામાંથી પરત આવે ત્યારે જે તે ગામમાં કે જિલ્લામાં નાકાબંધી કરીને તમામ યાત્રાળુઓનો કોરોનાનો ટેસ્ટ કર્યા બાદ જે નેગેટિવ હશે તેવા લોકોને જ ગામમાં પ્રવેશ આપવામાં આવે તેવી વ્યવસ્થા જિલ્લા વહીવટીતંત્ર સુનિશ્ચિત કરે

# ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭૮ કોરોનાના કેસ : ૮૨ દર્દીઓ ડિસ્ચાર્જ

### જિલ્લામાં આજે ૧૮૪૮ વ્યક્તિઓને કોરોનાની રસી અપાઇ : અત્યાર સુધી જિલ્લામાં કોવિડની ૧,૬૬, ૪૨૩ લોકોને રસી અપાઇ : ધણપ નજીક આવેલા ચૈતન્ય ધામ ખાતે કોવિડ પોઝિટીવ દર્દી જે સામાન્ય લક્ષણ ધરાવતા હોય તેવાને દાખલ કરવા ૨૦૦ પથારીની વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તા. ૧૬ મી એપ્રિલના ૫.૦૦ કલાક બાદ કુલ-૭૮ કોરોનાના કેસ નોંધાયા છે. તેમજ ૮૨ કોરોનાના દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. તેમજ જિલ્લામાં આજરોજ ૧૮૪૮ વ્યક્તિઓને કોરોના રસી આપવામાં આવી છે. તેમજ ધણપ નજીક આવેલા ચૈતન્ય ધામ ખાતે કોવિડ પોઝિટીવ દર્દી જે સામાન્ય લક્ષણ ધરાવતા હોય તેવાને દાખલ કરવા ૨૦૦ પથારીની વ્યવસ્થા તા. ૧૭મી એપ્રિલથી કરવામાં આવી છે. જેમાં વિના મૂલ્ય દવાઓ તેમજ જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં દાખલ દર્દીઓ સંખ્યા ૨૭૦ છે. જયારે ૫૦૧૩ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. તેમજ ૮૧૬૦ વ્યક્તિઓ હોમ કોરોન્ટાઈન છે. ગાંધીનગર જિલ્લાના ૮૧ રસીકરણ કેન્દ્રો પરથી આજે ૧૮૪૮ વ્યક્તિઓને રસી આપવામાં આવી છે. અત્યાર સુધી જિલ્લામાં કોવિડ રસી કુલ- ૧,૬૬,૪૨૩ વ્યક્તિઓને પ્રથમ ડોઝ આપવામાં આવ્યા છે. તેમજ ૨૭,૩૩૧ વ્યક્તિઓને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. જેમાં ૪૫ થી ૬૦ વયજુથના કો-મોર્બિડીટી ધરાવતા અને ૬૦ વર્ષીય ઉપરના વય જુથના કુલ ૧,૩૭, ૩૯૨ લાભાર્થીને પ્રથમ ડોઝ અને ૧૦,૭૦૯ લાભાર્થીઓને બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તા. ૧૬ મી એપ્રિલના ૫.૦૦ કલાક બાદ કોરોનાના કુલ- ૭૮ કેસો નોંધાયા છે. જેમાં દહેગામ તાલુકામાં દહેગામ શહેરના ૨૨ વર્ષીય યુવાન, લવાડ ગામના ૩૦ વર્ષીય યુવાન, સાંપા ગામના ૫૦ વર્ષીય પુરૂષ અને વડવાસા ગામના ૧૭ વર્ષીય યુવકને કોરોના પોઝિટીવ રીપોર્ટ આવ્યો છે. આ તમામ દર્દીઓ હાલ હોમ આઈસોલેશન છે.

ગાંધીનગર તાલુકામાં વાસણા હડમતીયામાં ૨૭ વર્ષીય યુવતી અને ૫૨ વર્ષીય પુરૂષ, વાવોલ ગામમાં ૫૬, ૫૫, ૫૦ અને ૩૩ વર્ષીય મહિલાને અને ૩૪, ૩૨, ૨૬, ૩૮, ૨૪ અને ૨૧ વર્ષીય બે યુવાન અને ૫૨ વર્ષીય પુરુષ, સાદરા ગામમાં ૨૧ અને ૨૪ વર્ષીય યુવતી, કોલવડા ગામમાં ૬૩ વર્ષીય મહિલા, અડાલજ ગામમાં ૩૦ વર્ષીય યુવાન અને ૫૫ વર્ષીય મહિલા, અમીયાપુરા ગામમાં ૨૯ વર્ષીય યુવાન, કુડાસણ ગામમાં ૪૬ વર્ષીય બે અને ૫૮ વર્ષીય મહિલા, ૨૧ અને ૨૩ વર્ષીય યુવતી, ૧૮, ૪૧, ૪૬, ૨૭ અને ૨૬ વર્ષીય યુવાન અને ૬૫ વર્ષીય આધેડ, રાંદેસણ ગામમાં ૩૧ અને ૨૦ વર્ષીય યુવાન અને ૫૪ વર્ષીય મહિલા, રાયસણ ગામમાં ૩૦ વર્ષીય યુવાન, આલમપુરમાં ૨૦ વર્ષીય યુવાન, ઉનાવા ગામમાં ૬૬ વર્ષીય મહિલા, સરગાસણ ગામમાં ૧૯ અને ૨૫ વર્ષીય યુવાન, ૬૫ વર્ષીય આધેડ અને ૩૮ વર્ષીય મહિલા, ઉવારસદ ગામમાં ૩૦ વર્ષીય સ્ત્રી, કરાઈમાં ૨૭ વર્ષીય યુવાન અને મુદ્રા ગામમાં ૫૧ વર્ષીય મહિલાને કોરોના પોઝિટીવ આવ્યો છે. વાવોલની ૫૫ વર્ષીય મહિલા તથા ૩૮ વર્ષીય યુવાન, ઉનાવાની ૬૬ વર્ષીય મહિલા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બાકીના તમામ દર્દીઓ હોમ આઈસોલેશન છે.

કલોલ તાલુકામાં પલસાણા ગામમાં ૪૭ વર્ષીય મહિલા, ૧૯ વર્ષીય યુવતી અને ૬૫ વર્ષીય પુરુષ, મોટી ભોયણ ગામમાં ૨૬ વર્ષીય સ્ત્રી અને ૩૨, ૨૫, ૨૨, ૧૮ વર્ષીય યુવાન અને ૧૯ વર્ષીય બે યુવાન, ધમાસણા ગામમાં ૬૨, ૫૭ અને ૫૩ વર્ષીય મહિલા અને ૧૮ વર્ષીય યુવાન, ઓલા ગામમાં ૬૪ વર્ષીય મહિલા, કલોલ શહેરમાં ૨૮ અને ૨૯ વર્ષીય યુવાન, ૧૨ વર્ષીય યુવક, ૪૬, ૪૦ અને ૫૬ વર્ષીય મહિલા, ૧૪ વર્ષીય યુવતીને કોરોના પોઝિટીવ આવ્યો છે. કલોલ તાલુકામાં ઓલા ગામની ૬૪ વર્ષીય મહિલા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બાકીના તમામ દર્દીઓ હોમ આઈસોલેશન છે. માણસા તાલુકામાં વરસોડા ગામમાં ૬૧, ૫૯, ૫૪, ૪૮, ૪૭, ૪૩ અને ૩૩ વર્ષીય પુરૂષ અને ૫૯ વર્ષીય મહિલાને કોરોના પોઝિટીવ આવ્યો છે. આ તમામ દર્દીઓ હોમ આઈસોલેશન છે.



ફરી એકવાર કોરોના સંક્રમણે માઝા મુકતા અર્થતંત્ર પર તેની માઠી અસરો વર્તાઈ રહી છે, આ વખતે સરકારે પણ હજુ લોકડાઉન લાગુ કરવાની હિંમત નથી કરી શકી પરંતુ આપોઆપ વેપાર-ધંધામાં ભારે મંદી વર્તાઈ રહી છે. જેના કારણે રોજેરોજ મહેનત કરીને રોજેરોજનું પેટ ભરતાં શ્રમજીવીઓ માટે ફરી વિકટ સ્થિતિ સર્જાઈ છે. આ પરિસ્થિતિમાં સેક્ટર-૧૨માં સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલ મુક્તા ગૌરી ટ્રસ્ટ દ્વારા છેલ્લાં ૨૬ વર્ષથી ચલાવાતા સદાવ્રત ખાતે બપોરના ૧૨ વાગ્યાથી રાત્રીના ૧૦ વાગ્યા સુધી જરૂરિયાતમંદોને વિનામૂલ્યે ભોજન જમાડવાની સેવા પુરી પાડવામાં આવી રહી છે.

# ચિલોડા પાસે વિદેશી દારૂની ૧૨ બોટલ સાથે મહિલા મુસાફર ઝડપાયા

ગાંધીનગર, તા.૧૭

કોરોના કાળમાં પણ દારુની હેરફેર ચાલુ છે. સતર્ક પોલીસના સઘન ચેકીંગને પગલે દારુની હેરફેર કરતા બુટલેગરોને ઝડપી પડાય છે. પણ આ વખતે તો દારૂની બોટલ સાથે મહિલા મુસાફર ઝડપાયેલ છે.

ચિલોડા પોલીસ દ્વારા ચંદ્રાલા નાકા પોઈન્ટ પર સતત વાહન ચેકીંગની કામગીરી ચાલી રહી છે. પોલીસ દ્વારા હિંમતનગર તરફથી આવી રહેલા તમામ વાહન ચેકીંગ કરવામાં આવે છે.ખાનગી લકઝરી બસને થોભાવી તેમા ચેક કરતા મહિલા મુસાફર પાસેથી પોલીસને દારુની ૧૨ બોટલ મળી આવી હતી. પોલીસે દારુ અંગે પુછતાછ કરતા મહિલા યોગ્ય જવાબ આપી શકી ન હતી. પોલીસે રૂ.૭૩૪૦ ની ૧૨ બોટલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી હતી.

# વલાદ ગામે કોરોનાનું સંક્રમણ વધતાં સ્વયંભુ લોકડાઉનનો નિર્ણય

ગાંધીનગર, તા. ૧૭

વલાદ ગામે પણ કોરોનાનું સંક્રમણ વધતાં સ્વયંભુ લોકડાઉનનો નિર્ણય જાહેર કર્યો છે. જેમાં સવારે ૬ થી ૧૨ દરમ્યાન દુકાનો ખુલ્લી રાખી શકાશે. આ પછી ગામમાં સ્વયંભુ લોકડાઉન અમલી બનશે. ભંગ કરનાર સામે દંડનીય કાર્યવાહી કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

# નવી સિવિલમાં અલગ-અલગ ૪૯,૦૦૦ લિટરની ક્ષમતા ધરાવતી ઓક્સિજન ટેંકો દ્વારા કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર થઈ રહી છે

ગાંધીનગર, તા. ૧૭

શહેરમાં વધી રહેલા કોરોના સંક્રમણને કારણે દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ દર્દીઓને પુરતા પ્રમાણમાં ઓકિસજનનો જથ્થો ઉપલબ્ધ થાય તે માટે સિવિલ તંત્ર અથાગ પ્રયાસો કરી રહ્યું છે. સિવિલ હોસ્પિટલમાં દાખલ ૧૨૦૦ થી વધુ દર્દીઓને ઓક્સિજનની જરૂરિયાત રહે છે. અગાઉ દરરોજ પાંચ ટન ઓકિસજનની જરૂરિયાત રહેતી હતી. આજે દર્દીઓની સંખ્યા વધવાના કારણે હાલમાં દરરોજ ૫૫ થી ૬૦ ટન જેટલા ઓકિસજન પુરવઠાનો વપરાશ થઈ રહ્યો છે. છેલ્લા દસ દિવસમાં અંદાજિત ૫૫૦ ટન ઓક્સિજનનો વપરાશ થયો છે.

નવી સિવિલ હોસ્પિટલમાં ઓકિસજનની જરૂરીયાતે પહોંચી વળવા માટે તબક્કાવાર આધુનિક ટેંકો ઈન્સ્ટોલ કરવામાં આવી છે. જેમાં જૂની બિલ્ડીંગ તથા કિડની હોસ્પિટલમાં ૧૩,૦૦૦-૧૩૦૦૦ લિટરની ટેંકો જયારે સ્ટેમ સેલ કોવિડ બિલ્ડીગમાં ૧૭,૦૦૦ની ટેંક ઉપરાંત વધારાની ૬૦૦૦ લિટરની ક્ષમતાવાળી ઓકિસજન ટેંક સ્થાપિત કરવામાં આવી છે. આમ




કુલ ૪૯,૦૦૦ લીટર ઓક્સિજન ટેંકોની ક્ષમતા સાથે કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે. પૂરતી માત્રામાં લિક્વિડ ઓક્સિજન ટેંક દ્વારા ફ્લોલેસ ઓક્સિજનની વ્યવસ્થા ઉપલબ્ધ થતાં કોરોનાગ્રસ્ત દર્દીઓની વધુ સારી રીતે સારવાર શક્ય બની છે. લિક્વિડ ઓક્સિજનની સાથોસાથ દર્દીઓને એમ્બ્યુલન્સમાં, એક વોર્ડથી બીજા વોર્ડમાં શિફ્ટ કરવા, ટ્રાન્સપોર્ટ, લિફ્ટમાં અવરજવર દરમિયાન રોજના ૩૦૦ થી ૪૦૦ ઓક્સિજન બોટલોનો વપરાશ થઈ રહ્યો છે.

સિવિલમાં દાખલ કોવિડ-૧૯ના દર્દીઓને હવે ઓક્સિજનની તંગી નથી. દરેક કોરોના સંક્રમિત દર્દીઓના બેડ સુધી જરૂરિયાત મુજબ પૂરતી માત્રામાં ઓક્સિજન મળી રહે તે માટે હોસ્પિટલ તંત્ર સજ્જ છે. ઓક્સિજન સુવિધાના કારણે ક્રિટીકલ કંડીશનના દર્દીઓની સઘન સારવાર કરી તેમને ઝડપથી સ્વસ્થ કરવામાં મદદ મળી રહી છે. સ્ટોરેજ કેપેસિટી વધવાથી વધુ સમય માટે ઓક્સિજનનો સ્ટોરેજ રાખી શકાય છે. હાલ તમામ ટેંકોને દિવસમાં સરેરાશ બે વાર રિફીલ કરવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે ઓક્સિજન ટેંકોમાં હાઈ કેપેસિટી ધરાવતું ઓક્સિજન ટેંક સાથે વેપોરાઈઝર પણ કાર્યરત હોય છે. ઓક્સિજનની સપ્લાય બે પ્રકારે કરવામાં આવતી હોય છે. એક પ્રવાહી અને બીજુ વાયુ સ્વરૂપે. ઓક્સિજન લિક્વીડ સ્વરૂપમાં હોવાથી તેને સીધો ઉપયોગમાં લઈ શકાતો નથી, પણ તેને વેપોરાઈઝર મશીનના માધ્યમથી વાયુ સ્વરૂપમાં પરિવર્તિત કર્યા બાદ કોવિડ હોસ્પિટલના દરેક વોર્ડમાં પાઈપલાઈન મારફતે કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર માટે સપ્લાય કરવામાં આવે છે. ટેંકમાં રહેલો લિક્વીડ ઓક્સિજન (-૧૯૬ ડિગ્રી સેલ્સિયસ) તાપમાન ધરાવતો હોય છે. જેને દર્દીના રૂમ ટેમ્પરેચરમાં ૩૦ થી ૩૫ ડિગ્રીએ લાવવો જરૂરી હોય છે, આ પ્રક્રિયા દરમિયાન પાઈપલાઈન પર બરફ જામી જતો હોય છે, જેને અટકાવવાં માટે પણ વેપોરાઈઝરનો ઉપયોગ થાય છે.

# આરોગ્યકર્મીઓની ફરજનિષ્ઠાને સલામ

### એપ્રિલના ૧૭ દિવસમાં ૧૬૭૦ દર્દીને ડિસ્ચાર્જ મળ્યું : એમદાવાદ સિવિલ મેડીસીટીના ૨,૫૦૦ થી વધુ સ્ટાફે મહિનાઓથી રજા લીધી નથી

ગાંધીનગર, તા. ૧૭

અત્યારે સમસ્ત દુનિયામાં કોરોના મહામારીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. ત્યારે ઈલાજની આશાએ આવેલા દર્દીને બચાવવા અને કોરોનાનાને રોકવા માટે ગુજરાત સરકાર સંચાલિત સિવિલ હોસ્પિટલનો મેડિકલ સ્ટાફ પણ ''આ પાર કે પેલે પાર''ના ધ્યેય સાથે જીવ સટોસટની બાજી ખેલી રહ્યો છે.



વર્તમાન સમયમાં સિવિલ હોસ્પિટલની ૧૨૦૦ બેડની હોસ્પિટલ તથા મંજુશ્રી મિલ કમ્પાઉન્ડમાં નવનિર્મિત કિડની હોસ્પિટલની ઈમારતમાં કાર્યરત કોવિડ સુવિધાઓમાં વિવિધ કેડરના કુલ ૨૫૮૦ લોકોનો મેડિકલ સ્ટાફ દિન-રાત જોયા વિના માત્ર ને માત્ર દર્દીઓ માટે 'રાઉન્ડ ધ ક્લોક' કામ કરી રહ્યો છે. આ ફરજ નિષ્ઠાથી સિવિલ હોસ્પિટલના સ્ટાફે મેડિકલ વ્યવસાયમાં આવનારી ભાવિ પેઢીઓ માટે કર્તવ્યપરાયણતાનું ઉચ્ચ દૃષ્ટાંત પ્રસ્થાપિત કર્યું છે. મેડિકલ સ્ટાફની દર્દીઓ પ્રત્યેની સમર્પિતતાનો ખ્યાલ એના પરથી મળી શકે કે આવી કઠિન પરિસ્થિતિમાં પણ ૫૨૮ ડોક્ટર, ૬૫૫ નર્સ, ૩૦૧ પૅરા મેડિકલ કર્મચારી, ૮૮૭ સફાઈકર્મી, ૧૫૩ સુરક્ષાકર્મી, ૧૪ કાઉન્સેલર, ૨૫ દર્દી સહાયક અને ૧૫ પી.આર.ઓ. - કુલ ૨૫૮૦ મેડિકલ સ્ટાફે દર્દીઓ ખાતર ઘણા દિવસોથી એક પણ રજા લીધી નથી.

કોવિડના દર્દીઓની રાત-દિનની સેવા દરમિયાન ડોક્ટર્સ સહિતનો ૮૦ જેટલો મેડિકલ સ્ટાફ પણ કોરોનાની આ ઘાતક લહેરમાં સંક્રમિત થયો છે, પણ આ તમામ સ્ટાફ મેમ્બર્સે સાજા થયા બાદ પુનઃ ફરજ પર જોડાઈ જઈ ફરજ પ્રત્યેની પોતાની કર્તવ્યનિષ્ઠા દર્શાવી છે.

એક તરફ મેડિકલ સ્ટાફ દિન રાત ખડે પગે ફરજ બજાવી રહ્યો છે ત્યારે ગુજરાત સરકાર પણ કોવિડ દર્દીઓની સેવા-સુશ્રુષા કરવા માટે યુદ્ધના ધોરણે કામગીરી કરી રહી છે. ગુજરાત સરકાર નિર્ણાયકતા સાથે સરકારી હોસ્પિટલોમાં જોઇતા તમામ સાધન-સગવડો વિના વિલંબે પ્રદાન કરી રહી છે.

સરકારી હોસ્પિટલમાં સારવાર મેળવી રહેલા તમામ દર્દીઓ માટે મોંઘા ઈન્જેક્શન, દવાઓ સમયસર પર્યાપ્ત જથ્થામાં હોસ્પિટલમાં પુરા પાડવામાં આવી રહી છે. સરકારી સિવિલ હોસ્પિટલમાં ટોસીલીઝૂમેબ અને રેમડેસિવીર જેવા અત્યંત મોંઘા ઈન્જેક્શનની સારવાર પણ દર્દીને નિઃશુલ્ક આપવામાં આવે છે.